કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેકસઃ ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E C.-Minuts 29th June '19 / 41    તા. ૦૪/૦૭/'૧૯

**વિષય :** ગત **તારીખ ૨૯મી જુન ૨૦૧૯નાં** રોજની એકિઝકયુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને **તારીખ ૨૯મી જુન' ૨૦૧૯ના** ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**
ઇ/ચા કુલસચિવ
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :**
૧. માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ જાણ સારૂ.
૨. માનનીય કુલસચિવશ્રીનાં કાર્યાલય તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૩. અધ્યક્ષશ્રી, તમામ શૈક્ષણિક ભવનો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૪. વડાશ્રી, તમામ વહીવટી વિભાગો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# તારીખ ૨૯મી જુન ૨૦૧૯નાં રોજ સવારે ૧૨ :૦૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૨૯મી જુન ૨૦૧૯ને શનિવારનાં સવારે ૧૧ : ૦૦ કલાકે કુલપતિશ્રીના કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકારવામા આવ્યા હતા સાથે સાથે શ્રી સદ્ભાવ એજ્યુકેશન ટ્રસ્ટ, ભચાઉ સંચાલિત મહિલા આર્ટસ કોલેજ, ભચાઉ– કચ્છ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ – ૨૦ થી કાયમી સ્વનિર્ભરતાના ધોરણે સૂચિત બી. એ. (ત્રણ વર્ષ) અભ્યાસક્રમ માત્ર મહિલાઓ માટે જ શરૂ કરવા રાજ્ય સરકારશ્રી દ્વારા બહાલી મળતા એક નવી કોલેજ શરૂ થયાની વિગત પ્રો.ડૉ.એમ.જી.ઠક્કરે સૌ સભ્યશ્રીઓને આપેલ હતી. ત્યાર બાદ, આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ અને હોદ્દો | હાજર / ગેરહાજર |
|---|---|
| પ્રો.ડૉ. ડી. સી. ધોળકિયા **–અધ્યક્ષશ્રી**<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| પ્રો.ડૉ.શ્રી ડી.એમ.બકરાણીયા **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | ગેર હાજર |
| પ્રો. ડૉ.શ્રી પી. એસ.હિરાણી **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | ગેર હાજર |
| ડૉ.શ્રી એસ.જી.ધર્માણી **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર –.કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એમ.કે.પંડયા **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ કોમર્સ, આદિપુર – કચ્છ. | હાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠક્કર **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |

| | |
|---|---|
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —સભ્યશ્રી<br>એસોસીયેટ પ્રોફેસર, ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ – કચ્છ. | ગેરહાજર |
| શ્રી પ્રવિણભાઈ વી. પિંડોરીયા —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ – કચ્છ. | હાજર |
| શ્રી અરૂણભાઈ એચ.ભીન્ડે —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, આદિપુર –કચ્છ. | હાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠક્કર —મેમ્બર સેક્રેટરી<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.) | હાજર |

**૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

ગત **તારીખ ૫મી જુન ૨૦૧૯**ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચનની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u> તારીખ ૫મી જુન ૨૦૧૯ના રોજની મળેલ સભાની મિનિટ્સ નોંધ મુજબ થયેલ ઠરાવોને આથી સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

**૨. ઈપીએફ અંતર્ગત નિયત ટકાવારી મુજબ બન્ને પક્ષના ફાળાની રકમ ભરપાઈ કરવા માટે બાંધી મુદ્દતની થાપણનું રોકડમાં રૂપાંતર કરવા બાબત :**

ગત તારીખ ૫મી જુન ૨૦૧૯ના રોજની એક્ઝિક્યૂટીવ કાઉન્સિલની બેઠકના ઠરાવ : ૧૬ : થી ઠરાવવામાં આવ્યા મુજબ, કરાર આધારિત પધ્ધતિ અન્વયે ફિક્ષ પગાર ધોરણે નિમાયેલ સ્ટાફ માટે સરકારશ્રીના આદેશ ઈપીએફ અન્વયે વર્ષ ૨૦૦૬–૦૭થી આજ દિન સુધીની પરિસ્થિતિએ નિયત ટકાવારી મુજબ યુનિવર્સિટી તથા સંબંધિત સ્ટાફનો ફાળો જમા કરાવવાનો થાય છે તે માટે યુનિવર્સિટીના ફાળાની રકમ ભરવી તથા સંબંધિત કર્મચારીના ફાળાની રકમ વસૂલવા સંબંધે હપ્તા પધ્ધતિ અન્વયે બાહેંધરી મેળવવા નિયત કરવામા આવેલ, સાથે સાથે પેન્લટી તથા વ્યાજની રકમ માટે અપીલમા જવા આદેશ થયેલ છે. સદર બાબતે સંબંધિત કર્મચારીના ફાળાની રકમ તેઓ પાસેથી વસૂલી અને ભરવા સંબંધિત સમય મર્યાદા પણ પૂરી થઈ ગયેલ હોય,સંબંધિત કાર્યાલયના આદેશ મુજબ હવે બન્ને પક્ષ (યુનિવર્સિટી તથા સંબંધિત કર્મચારી)ના ફાળાની રકમ યુનિવર્સિટીએ જ ભરવાપાત્ર બને છે અને સદર અંદાજીત રકમ રૂપિયા ૧.૪ કરોડ થવા જાય છે. રકમ ભરવા માટેની છેલ્લી તારીખ ૨જી જુલાઈ ૨૦૧૯ છે.અંદાજીત રકમ ભરપાઈ કરવા માટે નાણાકીય વ્યવસ્થા ઉભી કરવા માટે યુનિવર્સિટીએ સ્થાઈ કરેલ બાંધી મુદ્દતની થાપણને રોકડમા રૂપાંતર કરવાની આવશ્યકતા રહે છે તે અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u>** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, જે તે સમયે ઈપીએફ સંબંધે ફીક્ષ પગાર માંથી સંબંધિત સ્ટાફ પાસેથી ફાળો વસૂલ કરવા પગાર માંથી કપાત કરવામાં આવેલ ન હતી અને આ રકમ ભરપાઈ કરવા માટે હાલ યુનિવર્સિટીની નાણાકીય પરિસ્થિતિને કારણે સદર રકમ ફાળવવા કોઈ જોગવાઈ નથી માટે કમિશનરશ્રી, ઈપીએફ ઓફિસ,ગાંધીધામ સમક્ષ વર્ષ ૨૦૧૭થી કપાત શરૂ કરી દીધેલ હોય તે પહેલાના વર્ષો સંબંધે ઈપીએફની રકમ રદ્દ કરી સદર જવાબદારી માંથી મુકત કરવા સક્ષમ વકીલની નિમણૂંક કરી યોગ્ય રજૂઆત કરવી.આમ છતાં, યુનિવર્સિટીના ફાળાની રકમ ભરપાઈ કરવાના સંજોગો ઉભા થાય તો,અપીલમાં જવુ તેમ જ તે ફંડ માટે નાણાકીય જોગવાઈ તથા નિર્ણય બાબતે સરકારશ્રી પાસે સલાહ સૂચન મેળવી આગળ ચર્ચા અર્થે રજૂઆત કરવી.

**૩. એનાલીટીકલ કેમેસ્ટ્રી અભ્યાસક્રમ સંબંધે ફાળવવામા આવેલ ગ્રાન્ટની રકમ માંથી પ્રયોગશાળાલક્ષી સાધન–સામગ્રી ખરીદ કરવા બહાલી આપવા બાબત :**

કેમ્પસ પર સરકારી ધોરણે ચાલતા રસાયણશાસ્ત્ર ભવન ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી મંજૂર થયેલ એનાલીટીકલ કેમેસ્ટ્રી વિષય અનુસ્નાતક કક્ષાએ ચલાવવામા આવે છે. તે સંબંધે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ના બજેટ મુજબ રૂ.૩,૬૮,૬૦,૦૦૦/– ખર્ચ કરવા વહીવટી મંજૂરી મળેલ છે જે પૈકી રૂા.૧,૧૬,૮૯,૦૦૦ અત્રે ફાળવી દેવામા આવેલ હતા. જેમાંથી પ્રયોગશાળાલક્ષી સાધન–સામગ્રી ખરીદ કરવા માટે વિભાગાધ્યક્ષશ્રીનાં પત્ર ક્રમાંક Ref:KSKVKU/ Chem/ 2019/57(7) Dt.17/6/19 બહાલી આપવા રજૂઆત કરવામાં આવેલ હતી જે અનુસંધાને તેઓના વિભાગ દ્વારા રજૂ કરાયેલ સ્પષ્ટતા ગ્રાહ્ય રાખવા તથા ખરીદી કાર્યવાહી હાથ ધરવા બહાલી આપવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u>** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા રજૂ કરવામા આવેલ સ્પષ્ટતા ગ્રહ્ય રાખતાં,આજ દિન સુધી વણ વપરાયેલ સંબંધિત ગ્રાન્ટ માંથી જરૂરિયાત મુજબની પ્રયોગશાળાલક્ષી સાધન–સામગ્રીની ખરીદી પ્રવર્તમાન નિતિનિયમોના પરિપાલન સાથે કરવી.

**૪. માન્ય અનુસ્નાતક શિક્ષક માન્યતા સંબંધે શૈક્ષણિક અનુભવ માટે થયેલ ઠરાવ સુધારણા બાબત :**

કરાર આધારિત પધ્ધતિ અન્વયે ફીક્ષ પગારથી નિમાયેલ શૈક્ષણિક સ્ટાફ વતી અત્રે "માન્ય અનુસ્નાતક શિક્ષક માન્યતા " મેળવવા માટે નિયત અરજીપત્રકમાં થયેલ અરજીઓ સંબંધે યોગ્ય

સુધારણાની આવશ્યકતા રહેલ છે.ગત તારીખ ૧૮મી માર્ચ ૨૦૧૪ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાંક : ૦૭ : અન્વયે "માન્ય અનુસ્નાતક શિક્ષક માન્યતા" આપવા નીચેની વિગતે ઠરાવવામા આવેલ....

**૧. અનુસ્નાતક પદવી પ્રથમ વર્ગ સાથે + નેટ /સ્લેટ માટે ૫ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ.**

**૨. અનુસ્નાતક પદવી દ્વિતિય વર્ગ સાથે + નેટ /સ્લેટ માટે ૭ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ.**

**નેટ /સ્લેટ પદવી મેળ્યા બાદ તારીખ બાદ શૈક્ષણિક અનુભવની ગણત્રી કરવાની રહેશે.**

ઉકત ઠરાવને કારણે, આ પધ્ધતિ અન્વયે નિમાયેલ શૈક્ષણિક સ્ટાફ પૈકી કેટલાક, અનુસ્નાતક કક્ષાએ ૫૫%ની લઘુતમ લાયકાત મેળવી સદર અભ્યાસક્રમો શરૂ કરવામા આવ્યા ત્યારથી અત્યાર સુધી ફરજ બજાવે છે, જયારે કેટલાક સમયાંતરે નિમવામા આવેલ છે. આવી લાયકાત સાથે નિમાયેલ આવા સ્ટાફે જયારે યુ.જી.સી.ની ગાઈડ લાઈન મુજબની નેટ /સ્લેટની પરીક્ષા હાલે પાસ કરેલ છે ત્યારે તેઓને "માન્ય અનુસ્નાતક શિક્ષક માન્યતા" આપવા સંબંધે, ગત તારીખ ૧૮મી માર્ચ ૨૦૧૪ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાંક : ૦૭ : અન્વયે ઠરાવ્યા મુજબ શૈક્ષણિક અનુભવની લાયકાતની ગણત્રી કરવામા આવે તો તેઓ યોગ્યતા ધરાવતા નથી હકીકતે તેઓ શૈષણિક કાર્ય કરેલ છે જ. માટે આવા શૈક્ષણિક સ્ટાફ માટે અનુસ્નાતક માન્યતા આપવા માટે અનુભવ સંબંધે ફેર વિચારણા હાથ ધરી યોગ્ય સુધારણા કરવા આવશ્યક બનતા હોઈ તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ગત તારીખ ૧૮મી માર્ચ ૨૦૧૪ના રોજ મળેલ બેઠકના ઠરાવ :૦૭: માં નીચે મુજબ સુધારણા કરવામા આવે છે જે આજની તારીખથી અન્ય આદેશ ન થાય ત્યાં સુધી અમલીકરણમા આવશે.**

**યુનિવર્સિટી તથા સંલગ્ન સંસ્થાનાં તમામ દરજ્જાનાં અભ્યાસક્રમો સંબંધે કોઈ પણ પધ્ધતિથી નિમાયેલ શૈક્ષણિક સ્ટાફને નેટ /સ્લેટની શૈક્ષણિક લાયકાત સાથે નીચેની વિગતે શૈક્ષણિક અનુભવ ગણવા પાત્ર બનશે.**

૧. અનુસ્નાતક પદવી પ્રથમ વર્ગ સાથે + નેટ /સ્લેટ માટે ૫ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ.

૨. અનુસ્નાતક પદવી દ્વિતિય વર્ગ સાથે + નેટ /સ્લેટ માટે ૭ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ.

નેટ /સ્લેટ પદવી મેળ્યા બાદ કે તે પહેલાનાં શિક્ષક માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક કાર્યનો અનુભવની ગણત્રી કરવાની રહેશે.

**૫. બી.એડ્.અભ્યાસક્રમ સંબંધે WRC / NCTE ની બહાલી સંબંધે વિદ્યાર્થી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવા કે ન ધરવા બાબત :**

**Western Regional Center / National Council for Teacher Education, New Delhi** દ્વારા કાયમી સ્વનિર્ભરતાના ધોરણે બી.એડ્.અભ્યાસક્રમો ચલાવતી ત્રણ સંસ્થાઓ, શ્રી કચ્છ જીલ્લા સમાજ કલ્યાણ મંડળ, ગાંધીધામ સંચાલિત ડૉ.એચ.આર. ગજવાણી કોલેજ ઓફ એજયુકેશન,(અંગ્રેજી માધ્યમ),આદિપુર–કચ્છ, ગોરસીયા એજયુકેશન સોસાયટી સંચાલિત –એમ.ડી.કોલેજ ઓફ એજયુકેશન,ભુજ–કચ્છ અને શ્રી શિવ શકિત સ્ટડી સર્કલ ટ્રસ્ટ સંચાલિત મા આશાપૂરા કોલેજ ઓફ એજયુકેશન,ભુજ –કચ્છ સંદર્ભે શરત પૂર્તતા થયેલ ન હોય,તેઓની માન્યતા પરત ખેંચી લેવામા આવેલ છે અન્વયે સંસ્થાઓ કોર્ટ કેસ કરતા કોર્ટના આદેશની નકલ અત્રે રજૂ કરવામા આવેલ,સદર વિગતે આ સંસ્થાઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે વિદ્યાર્થીઓ ફાળવવા કે નહી તે અંગે ગત તારીખ ૫મી જુન ૨૦૧૯ના રોજની એક્ઝિકયૂટીવ કાઉન્સિલની બેઠકના ઠરાવ : ૧૦ :થી ઠરાવવામાં આવ્યા મુજબ સંબંધિત વૈધાનિક સંસ્થાને અત્રેથી પત્ર પાઠવવામા આવેલ હતો પરંતું વૈધાનિક સંસ્થા દ્વારા કોઈ પ્રત્યુત્તર પાઠવવામા આવેલ નથી. સંબંધિત સંસથાના અહેવાલ મુજબ આ બાબતે સત્વરે હકારાત્મક નિર્ણય આવશે. સદર કોલેજોને શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ સંબંધે વિદ્યાર્થીઓ ફાળવવાં બાબતે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સંબંધિત સંસ્થાઓના પ્રતિનિધિઓમારફતે રોજ –બ–રોજ અત્રે મળતી માહિતિને મધ્યે નજર રાખતાં તથા સંબંધિત વૈધાનિક સંસ્થા દ્વારા સત્વરે માન્યતા મળી રહેવાની અપેક્ષાને અનુલક્ષીને હાલ દિન–૧૫ સુધી પ્રવેશ પ્રક્રિયા હાથ ન ધરતાં સંબંધિત સંસ્થાઓને વૈધાનિક સંસ્થાની માન્યતા મેળવી લેવા સમય આપવો અને ૧૫ દિવસ બાદ જો માન્યતા ન મળે તો ચર્ચા અર્થે રજૂઆત કરવી.**

**૬. વડાશ્રી, કોમ્પ્યુટર વિભાગની સ્ટાફ સંબંધિત માંગણી બાબત :**

કોમ્પ્યુટર વિભાગના વડશ્રી વતી, હાલે બે પ્રોગ્રામર લાંબી રજા / રાજીનામુ મૂકી ફરજ પર હાજર નથી અને પરીક્ષા પરિણામ તથા વિદ્યાર્થી પ્રવેશ જેવી કાગીરીને મધ્યે નજર રાખતા બે પ્રોગ્રામરની જરૂરીયાત રહે છે તેવી રજૂઆત તેઓના પત્ર તા.......થી કરવામા આવેલ છે. સદર પત્રમા દર્શાવેલ લાયકાતના ધોરણે નિમણૂંક આપવા સંબંધે નિમણૂંકનો પ્રકાર તથા વેતન નિયત

કરી સદર ભરતી પ્રક્રિયા હાથ ધરવા અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૬ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, હાલના તબક્કે ભરતી પ્રક્રિયા હાથ ન ધરતાં યથા પરિસ્થિતિ જાળવી રાખવી.**

**૭. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

**(૧) બાંધકામ વિભાગની તા. ૨૮/૦૬/૧૯ના રોજની રજૂઆત અંગે નિર્ણય લેવા બાબત :**

બાંધકામ વિભાગ દ્વારા તા.૨૮/૬/૧૯ના રોજના પત્ર અન્વયે રજૂ કરાયેલ વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**બાબત–૧ :** કચ્છ યુનિવર્સિટી ખાતે સફાઈ,સિકયુરીટી તથા સ્ટેશનરી સપ્લાયના વાર્ષિક ટેન્ડર પૂર્ણતાના આરે હોઈ,આગળની કાર્યવાહીની ચર્ચા.

**ઠરાવ : ૭.૧ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, દર વર્ષે જેમ કાર્યવાહી હાથ ધરવામા આવે છે મુજબ ચાલુ વર્ષ સંબંધે કામગીરી પૂર્ણ કરવી.**

**બાબત–૨ :** યુનિવર્સિટી ખાતે વિવિધ વિકાસકામો ચાલુ હોઈ બીલ વેરીફિકેશન, ટેન્ડર વેરીફિકેશન, ગ્રાન્ટ પ્રપોઝલ વગેરે જેવા બાંધકામ શાખાને લગતી જુદી–જુદી કામગીરી માટે ટેકનિકલ એડવાઈઝરની નિમણૂંક અંગે.

**ઠરાવ : ૭.૨ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઉકત બાબતો સબંધે ટેકનીકલ કામગીરી સબબ સલાહ મેળવવા માટે શ્રી મિતુલ ઝવેરીની નિમણૂંક કરવી અને તે સંબંધે માનદ્ વેતન નિયત કરવા સંબંધિત સત્તા માનનીય કાર્યકારી કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

**બાબત–૩ :** કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ સમાજ કલ્યાણ ખાતા હસ્તકની સમરસ ગર્લ્સ અને બોયસ હોસ્ટેલોના વિદ્યાર્થીઓની અવર–જવર માટે અલગ એન્ટ્રી બાબત.

**ઠરાવ : ૭.૩ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સલામતિ તથા વ્યવસ્થાના ભાગ રૂપે સમરસ ગર્લ્સ અને બોયસ હોસ્ટેલોના વિદ્યાર્થીઓની અવર–જવર માટે અલગ એન્ટ્રી–રસ્તો બનાવવો અને તે સંબંધિત કાર્યવાહી હાથ ધરવી.**

**બાબત–૪:** સિકયુરીટી સર્વિસ માટે પોઈન્ટ ઘટાડવા બાબત.

**ઠરાવ : ૭.૪ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,નાણાકીય પરિસ્થિતિને ધ્યાને લેતાં બીન જરૂરી જણાતા સિકયૂરીટી પોઈન્ટસ, સલામતીની વ્યવસ્થા જળવાય તે રીતે ઘટાડવા.**

(૨) **રીમેડીયલ પરીક્ષાના લાભ સંબંધે થયેલ ઠરાવમા યોગ્ય સુધારણા બાબત :**

ગત તારીખ૪થી જુલાઈ ૨૦૧૮નાં રોજની એકેડેમિક કાઉન્સિલની બેઠકના ઠરાવ :૧૦:થી "રેગ્યુલર તથા એક્ષ્ટર્નલ વિદ્યાર્થીઓને રીમેડીયલ પરીક્ષાનો લાભ માત્ર જે વિદ્યાર્થી સેમ–૧ થી સેમ–૪માં પાસ હોય અને સેમ–૫ અને સેમ–૬માં માત્ર બે લેખિત વિષયમા (પેપર) બાકી રહેતા હોય તેવા વિદ્યાર્થીને જ લાભ મળવાપાત્ર થશે" તેવુ નિયત કરવામા આવેલ હતું પરંતુ વિભાગ/સંસ્થા કક્ષાએ યોજાતા આંતરીક પરીક્ષા સંબંધે નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને રીમેડીયલ પરીક્ષાનો લાભ મળતો ન હોય તેઓને પણ આ પરીક્ષાનો લાભ આપી શકાય તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૮. :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઉક્ત વિગતે તારીખ ૪થી જુલાઈ ૨૦૧૮નાં રોજની એકેડેમિક કાઉન્સિલની બેઠકના ઠરાવ :૧૦:માં નીચે મુજબ સુધારો કરવાનો રહેશે.**

**વિભાગ / સંસ્થા કક્ષાના આંતરીક પરીક્ષામાં નાપાસ જાહેર થયેલ વિદ્યાર્થીને આંતરીક પરીક્ષા... કે યુનિવર્સિટી કક્ષાની પરીક્ષ... કે..બન્નેમાં બે વિષય (પેપર)મા એટીકેટી હોય તો જ, રીમેડીયલ પરીક્ષા આપવા વિદ્યાર્થીને લાભ મળી શકશે.**

**સદર બાબતનું અમલીકરણ જુન'૨૦૧૯થી અન્ય આદેશ ન થાય ત્યાં સુધી કરવાનું રહેશે તથા સંબંધિત બાબતની એકેડેમિક કાઉન્સિલને યોગ્ય જાણ કરવાની રહેશે.**

(૩) **ફાયર સેફટી અને એસ્કેપની વ્યવસ્થા ઉભી કરવા બાબત :**

ગુજરાત સરકારશ્રી દ્વારા તાજેતરમા થયેલ ઠરાવ મુજબ દરેક જાહેર સંસ્થાએ તથા શાળા–કોલેજોએ ફાયર સેફટીનાં પ્રવર્તમાન નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે તે અંતર્ગત યુનિવર્સિટીના દરેક ભવનો તથા વહીવટી ભવનો, ગ્રંથાલય વગેરેમાં ફાયર સેફટીની જરૂરીયાત મુજબની વ્યવસ્થા એશસ્ટીગયુશર સિવાય પણ બાંધકામમાં ફાયર એસ્કેપ ફેસેલીટી ઉભી કરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૯. :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,ઉક્ત વિગતે નોંધ લેતાં કેમ્પસ પરના દરેક વિભાગ સંબંધે જરૂર જણાય ત્યાં ફાયર સેફટી અન્વયે એસ્કેપ ફેસેલીટી ઉભી કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવી.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

---

કુલસચિવ
ઈ/ચા કુલસચિવ
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
ભુજ–કચ્છ.